# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૬ • અંક ૯ • સળંગ અંક ૬૭ • મુંબઈ • જૂન, ૨૦૧૨ • પાના ૨૦ • છૂટક નકલ રૂા. ૨/–

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખસ્થાનેથી...

**સ્નેહી સ્વજન,**

**જય જિનેન્દ્ર !**

સભ્યોનો સભ્યો માટેનો પ્રેમ એક સત્ય છે અને સભ્યોનું સ્મરણ એક સાતત્ય છે. સત્ય સાતત્ય વિના સંભવી જ શકે નહીં. આપણામાં રહેલ અજ્ઞાન હટે ત્યારે જ જીવ અને શિવનું મિલન થાય. આંતર મનના અંધારાને અજવાળતી લાગણીનો પ્રવાહ સદૈવ અને અવિરત પ્રજ્વલિત રહેવો જોઈએ. સમાજમાં અનેકવિધ સંબંધોની કૃતિ, પ્રકૃતિ અને સ્વીકૃતિ હોય છે તે તકવાદી કે તકલાદી પુરવાર ન થાય તે તરફ લક્ષ આપવું જ રહ્યું. સંબંધનું એક પારદર્શક રૂપ હોય છે. ઝાંકળ જેવા સંબંધોને શું કહીશું ? સંબંધોની પાત્રસૃષ્ટિ ચિરંજીવ રાખવાના પ્રયત્નો સતત ઉજાગર રહે તે જોવાની આપણા સૌની નૈતિક ફરજ છે. આપણી ઝંખનાના ઝરૂખાને ઝૂરતા કેમ રાખી શકાય ?

**કવિ રાજેન્દ્ર શાહ કહે છે, 'તું રિક્ત થઈ સભર થા ત્યજીને તું પામ'** આપણને આપણી ચેતનામાં વિશ્વાસ અને શ્રદ્ધા હોવી જોઈએ. હૈયામાં સર્જકતાનો અનુનાદની સાત્વિક ગુંજ તરંગોમાં સંભળાવા જોઈએ. જે નથી તે મેળવવાની દોડમાં જે છે તેને ભૂલી ન જશો. નાના નાના સુખોને ભોગે મોટા સુખો તરફ દોડશો નહીં. જે તમારી પાસે છે તે જ ખાસ છે !

**સંસ્થાનું શતાબ્દી વર્ષ :**

આપણી સંસ્થા શ્રી પાટણ જૈન મંડળ ઝળહળતા શતાબ્દી વર્ષમાંથી પસાર થઈ રહી છે. મંડળ દ્વારા થતાં અનેકવિધ ઉત્કૃષ્ટ અને વ્યાપક કાર્યો તથા સહાયના સ્રોતે આપણને પ્રગતિની ટોચે લાવી મૂક્યા છે. આપણી પારદર્શક કાર્ય પદ્ધતિની ગહન પ્રક્રિયા સફળતાને ચોક્કસ પણે હાથવગી કરી આપે છે. આ શતાબ્દી વર્ષમાં સંસ્થાને ઝળહળતી ઉજ્વળતા આપણે ત્યારે જ બક્ષી શકાય જ્યારે સમાજ પ્રત્યેની જરૂરિયાતોને પહોંચી વળવા ભંડોળની ઉપલબ્ધિ માટે આપણે સક્ષમ બનીએ.

સંસ્થા દ્વારા શિક્ષણ ક્ષેત્રે વિદ્યાભ્યાસાર્થે સ્કૉલરશીપ, લોન દવા રાહત, આર્થિક સહાય, ભાડા રાહત, વૃદ્ધજન સહાય, મહિલા ઉત્કર્ષ, વિકલાંગ ઉત્કર્ષ, સમાજ વિકાસ પાંખી પડે છે. ઘટતા જતા વ્યાજના દરો તથા અન્ય કારણોસર લક્ષસિદ્ધિ માટે સંસ્થા ઉપર આર્થિક બોજ વધે એ સ્વાભાવિક છે. શિક્ષણ સહાય વર્તમાન સમયની વણકહી જરૂરિયાત છે.

**દાનગંગાના વહેતા વહેણ :**

મુંબઈ ગોરેગામ સ્થિત સેવા, સાધના અને સંસ્કૃતિને વરેલ પાટણ મનમોહનજીની શેરીના **ડૉ. શ્રીમતી કુંજબાળાબેન** તથા **ડૉ. વિજયભાઈ જયંતીલાલ પટણી**એ સમાજ પ્રત્યેના ઋણભાવ અને લાગણીથી પ્રેરાઈ **રીવોલ્વીંગ (એજ્યુકેશન) ફંડ** ખાતે **રૂપિયા પાંચ લાખ**ની સખાવત કરેલ છે. સંસ્થા તેમની અનેરી વિચારધારા પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી અનુમોદના કરે છે.

**રીવોલ્વીંગ ફંડ (વ્યાજ રહિત શૈક્ષણિક લોન આપવા) :-**

ઉચ્ચ શિક્ષણ માટે વાર્ષિક ટ્યુશન ફી લગભગ દોઢ લાખ રૂપિયાની આસપાસ થઈ ગઈ છે. હાલમાં આપણે સહાયરૂપે વિદ્યાર્થીને રૂા. ૩૦,૦૦૦/- જેટલી જ રકમ આપી શકીએ છીએ. વિદ્યાર્થીને પુરેપુરી અથવા મહદંશે મદદ કરી શકાય તે માટે ૫ થી ૧૦ કરોડ રૂપિયાનું **રીવોલ્વીંગ ફંડ** ઉભું કરવું અનિવાર્ય છે. જેની વિગતો નીચે પ્રમાણે છે.

૧. પાંચ વર્ષ સુધી આ રીવોલ્વીંગ ફંડમાં દર વર્ષે રૂા. ૫ લાખથી રૂા. ૫૦ લાખ આપે તેવા ૨૦ થી ૩૦ દાતાઓની આવશ્યકતા છે. જે દાતા આ ફંડમાં રૂપિયા પાંચ લાખ આપશે, તેમના કુટુંબનો એક સભ્ય વ્યવસ્થાપક સમિતિમાં કાયમી સભાસદ થશે. આ યોજના હેઠળ દાતા દીઠ વધુમાં વધુ પાંચ કાયમી સભાસદ થઈ શકશે.

૨. આ ફંડમાંથી ઉચ્ચ શિક્ષણાર્થે જરૂરી શૈક્ષણિક ફીની વધુમાં વધુ રકમ વગર વ્યાજે લોન પેટે આપવામાં આવે છે. પ્રોફેશનલ તથા હાઈટેક શિક્ષણમાં શૈક્ષણિક ફીનું પ્રમાણ વિશેષ હોવાના કારણે આ સ્કીમ અસ્તિત્વમાં આવી છે, જેથી પ્રોફેશનલ કોર્સ પૂરો થયા બાદ ૮ મહિનાથી ૧ વર્ષમાં લોનની રકમ તબક્કાવાર પરત કરી શકે.

આ રીતે નાણાંકીય સવલતથી વિદ્યાર્થીનું ભાવિ ઉજ્જવળ બનશે, સંસ્થા તથા સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીનો તેને ખ્યાલ રહેશે અને મંડળ સાથે કાયમી નાતો બંધાશે.

દર વર્ષે પરત મળેલ રકમમાંથી અન્ય વિદ્યાર્થીઓને સહાયભુત થઈ શકાશે.

૩. દાતાનું નામ **પાટણ પ્રતિબિંબ** અને વેબસાઈટ પર **'રીવોલ્વીંગ ફંડ'** હેઠળ અપાશે.

ઉચ્ચ શિક્ષણ માટે વ્યાજ મુક્ત લોન આપવા આપણે રીવોલ્વીંગ ફંડની યોજના અસ્તિત્વમાં લાવ્યા છીએ. જેને લોન મળ્યા બાદ ૩ થી ૫ વર્ષના ગાળામાં પરત કરવાની રહેશે. હકીકતમાં હાલનાં તબક્કે આપણે વિદ્યાર્થીઓની ૧૦૦ % જરૂરિયાત સંતોષી શકતા નથી. પ્રવર્તમાન સંજોગોમાં આપણને આ યોજના માટે ૫ કરોડ રૂપિયાની આવશ્યકતા છે જ્યારે આપણે માત્ર રૂા. ૧ કરોડ સુધી જ પહોંચી શક્યા છીએ.

શતાબ્દી વર્ષ દરમ્યાન આપણે નીચે મુજબ ડોનેશન મેળવવાની અપેક્ષા છે.
રૂા. ૧૦ લાખ દર વર્ષે x ૫ વર્ષ સુધી = રૂા. ૫૦ લાખ x ૨ દાતાઓ
રૂા. ૫ લાખ દર વર્ષે x ૫ વર્ષ સુધી = રૂા. ૨૫ લાખ x ૬ દાતાઓ
રૂા. ૩ લાખ દર વર્ષે x ૫ વર્ષ સુધી = રૂા. ૧૫ લાખ x ૬ દાતાઓ
રૂા. ૩ લાખ અને રૂા. ૫ લાખ એક વર્ષ માટે પણ સ્વીકારવામાં આવશે.

**નમ્ર વિનંતિ :-**

હાલના વિપરીત સમય અને સંજોગમાં સમાજના દાનવીરોને મારી નમ્ર વિનંતી છે કે આપની આવકનો ચોક્કસ હિસ્સો સંસ્થાને દાનમાં આપવાનો હકારાત્મક અભિગમ અપનાવીશું તો સમાજની જરૂરિયાત પુરી કરવા પોતાનું સર્વસ્વ સમાજને અર્પણ કરનાર **શ્રેષ્ઠીવર્ય ભામાશા અને જગડુશાના સાચા વંશજ** પુરવાર થઈશું. બિનવારસ મહાનુભાવો પોતાની હયાતી બાદ વારસાનો ચોક્કસ હિસ્સો સંસ્થાને દાનમાં આપી પોતાના પરિવારનું નામ સમાજમાં **કાયમી ધોરણે** જળવાઈ રહે તે પણ ઈચ્છવા યોગ્ય જ છે.

**વસતિ પત્રક તથા લગ્નોત્સુક યુવક-યુવતી પરિચય પુસ્તિકા :**

પ્રતિબિંબના મે માસના અંકમાં વસતિ પત્રક તથા લગ્નોત્સુક યુવક-યુવતી પરિચય પુસ્તિકા માટેના ફોર્મ પ્રકાશિત કરેલ છે, જેની વિગત સંપૂર્ણ રીતે ભરી તા. **૧૫ જુલાઈ પહેલાં** કાર્યાલયમાં મોકલી આપવાનું જણાવવામાં આવેલ. પરંતુ હજુ સુધી આપના તરફથી યોગ્ય પ્રતિસાદ સાંપડ્યો નથી. આપણી સામાજિક ફરજ સમજી તાત્કાવિક ફોર્મ ભરી મોકલવાની સૌને નમ્ર વિનંતી.

**તકલીફને તકમાં ફેરવીએ :-**

સંસ્થા પાસે સત્યનિષ્ઠ અને સંનિષ્ઠ કાર્યકર્તાઓ છે જે સામર્થ્ય અને કૌશલ્ય બન્ને ધરાવે છે. માત્ર જરૂરત છે સંસ્થા તરફ દાનગંગાનો અસ્ખલિત પ્રવાહ સંસ્થા તરફ વાળવાની. અનુભવના અભાવ છતાં તકલીફને તકમાં ફેરવવાની કારણ કે હામ તથા હકારાત્મક વિચારધારા ધરાવતી પ્રત્યેક વ્યક્તિ શક્તિ અને શક્યતાનો અમુલ્ય ખજાનો ધરાવે છે.

ચાલો આપણે આપણામાં રહેલી શક્યતાને સાધનામાં ફેરવીએ ફરી આવો અવસર મળે કે ન પણ મળે. ઊગતા પુષ્પની સુગંધનો પરચો એ પુષ્પની સમીપ પહોંચેલા માનવીને અવશ્ય પ્રાપ્ત થાય છે.

આભાર!

**❑ દિનેશ રસિકલાલ શાહ**
**પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ**

## તેજસ્વી વિદ્યાર્થીઓનું અભિવાદન

એસ.એસ.સી., એચ.એસ.સી. કૉલેજ લેવલ, ડીગ્રી ડિપ્લોમા કોર્ષ તેમજ અનેક શૈક્ષણિક ક્ષેત્રોમાંથી સમાજના વિદ્યાર્થી ભાઈ–બહેનો તેમની વાર્ષિક પરિક્ષામાં ઉચ્ચ સ્તરના ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી છે, તેઓને મંડળ તરફથી પારિતોષિક તથા મેરીટ સર્ટિફિકેટ એનાયત કરી દર વર્ષે અભિવાદન કરવામાં આવે છે. સદરહુ પારિતોષિક મેળવવા માટે વિદ્યાર્થીઓએ સંસ્થાએ નિયત કરેલ અરજીપત્રક ભરવાનું હોય છે. જેની સાથે છેલ્લી પરીક્ષાની માર્કશીટની ઝેરોક્ષ કોપી બીડવાની હોય છે. તે મુજબ સદરહુ પ્રાઈઝ મેળવવા અંગે ઘણા વિદ્યાર્થી મિત્રોએ તેમના ફોર્મ ભરીને મોકલી આપેલ છે. જો આપનું ફોર્મ ભરવાનું રહી ગયું હોય કે પરિણામ હવે આવેલ હોય તો વહેલામાં વહેલી તકે તે અંગેનું અરજીપત્રક સંસ્થાના મુખ્ય કાર્યાલયમાંથી મેળવી સંપૂર્ણ વિગતોસહ ભરી **તા. ૩૧–૮–૨૦૧૨** સુધીમાં મોકલાવી આપવા વિનંતી.

**નોંધ : કાર્યાલય ખાતે ભરાઈને આવેલ અરજીપત્રક મુજબ જ ગુણવત્તાના ધોરણે પ્રાઈઝ એનાયત કરવામાં આવશે.**

## પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ

**શ્રી પાટણ જૈન મંડળ અને શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા સંયુક્તપણે પ્રતિવર્ષ પોસ્ટ ગ્રેજ્યુએશનનો ઉચ્ચ અભ્યાસ કરનાર, પ્રતિભાશાળી / તેજસ્વી વિદ્યાર્થી ભાઈ–બહેનોને શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે વાર્ષિક **રૂા. ૧૦,૦૦૦/-** ની એક એવી બે પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે. તદ્અનુસાર આ વર્ષે બીઝનેસ મેનેજમેન્ટ, મેડીકલ સાયન્સ, કૉમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈ.એ.એસ. અથવા ડૉક્ટરેટ પીએચ.ડી. (કોઈપણ વિષય) તેમજ આવા પ્રકારના ઉચ્ચ કક્ષાના પોસ્ટ ગ્રેજ્યુશન કોર્ષમાં ઊત્તીર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈ–બહેનોને મેરીટ સ્કોલરશીપ આપવા અંગે અરજીપત્રક મંગાવવામાં આવે છે. મંડળના કાર્યાલયમાંથી આ અંગેનું ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતોસહ ભરીને **તા. ૩૧–૮–૨૦૧૨** સુધીમાં પરત મોકલાવી આપવા વિનંતી છે.

**પ્રસ્તુત સ્કોલરશીપ માટે, વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રની તેજસ્વીતાને જ પ્રાધાન્ય અપાય છે જે આપને વિદિત થાય.**

**❑ શિક્ષણ સમિતિ**

SHREE PATAN JAIN MANDAL
Connect with Community, Connect with World




**Join us on facebook page**
Stay connected with us during the 100th year of Shree Patan Jain Mandal for news and events updates.
We also invite you to share your experiences with us.

Find me on Facebook

Visit our website@www.patanmandal.org

## તંત્રીસ્થાનેથી...

સામાન્ય સંજોગોમાં માનવીને ધર્મ, સંસ્કૃતિ અને ઔદાર્ય ગળથૂથીમાંથી પ્રાપ્ત થાય છે.

**सा विद्या या विमुक्तए,**
**विद्या विनयेन शोभते।**

સમય અને સંજોગ સાથે જિંદગીના સમિકરણો બદલાઈ જાય છે. કાળઝાળ મોંઘવારીમાં મધ્યમવર્ગિય પરિવાર માટે બે છેડા મેળવવા કે બે પાંદડે થઈ જીવન જીવવું અતિ મુશ્કેલ બન્યું છે. ઈજ્જતના માર્યા તેઓ નથી હાથ ફેલાવી શકતા કે નથી મદદ માંગી શકતા. તેઓ પાસે અન્ય કોઈ વિકલ્પ ન રહેતા મનનેમારી કે મનાવીને જિંદગી પસાર કરવી પડે છે. માત્ર એકજ આશાએ, કે કદાચ કાલની સવાર શુભ સંદેશ લઈને આવે. વ્યગ્ર હૈયાનો માનવી આખરે કરી પણ શું શકે ? આખરે આશા એ તો મધુર કડવો અંશ છે જિંદગીનો...! વિચારોના વમળમાં વિધિની વિચિત્રતા સાથે મૂક હૈયે પરિતાપ સહન કરવો જ રહ્યો.

વર્તમાન શિક્ષણ પદ્ધતિ અતિ ખર્ચાળ અને વિકટ હોવા છતાં પરિવારના દીપકને પ્રદિપ્ત રાખવા માટે પેટે પાટા બાંધીને પણ મા-બાપ દીકરા-દીકરીને ઉત્કૃષ્ટ શિક્ષણ આપવાના સતત પ્રયત્નો કરે છે. આવતી કાલના સ્વપ્ના સાકાર કરવા માટે ! સમાજમાં વસતા સુખી-શ્રાવકો, લક્ષ્મીપતિઓને જ્ઞાતી-ગામ અને સમાજ પ્રત્યે લાગણી તેમજ ફરજ હોય છે. સમાજનો સાધર્મિક 'પૈસાના અભાવે' શિક્ષણ તેમજ તબીબી સારવારથી વંચિત ન રહે તે જોવાની નૈતિક તેમજ સામાજીક જવાબદારી સૌએ સ્વીકારવી જ રહી.

આપણા શહેરોમાં પ્રાથમિક-માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણ ઘણું મોંઘું થયું છે તે સાથે જ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવો પણ બેહદ ખર્ચાળ થઈ ગયો છે. સુશિક્ષીત સમાજથી જ સમૃદ્ધ સમાજનું નિર્માણ થઈ શકે તે વર્તમાનની વાસ્તવિકતા છે. સમાજની સુવ્યવસ્થા અને વિકાસ માટે યુવાવર્ગ શિક્ષીત હોવો જરૂરી છે.

આપણા તેજસ્વી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સહાયની જરૂરિયાતોને પરિપૂર્ણ કરવા શ્રી પાટણ જૈન મંડળ શિક્ષણ ક્ષેત્રે બે પ્રકારે મદદ કરે છે.

(૧) દાતા દ્વારા મંડળને મળેલ સખાવતના કોર્પસના વ્યાજની ઉપજમાંથી મદદ કરાય છે. સહાય સ્વરૂપે અપાયેલ રકમ સંસ્થાને પાછી આપવાની નથી હોતી.

(૨) શિક્ષણ માટે વ્યાજ મુક્ત લોન સ્વરૂપે મદદ-આ મદદ લેનાર વિદ્યાર્થીઓ શિક્ષણ પુરુ કર્યા બાદ નોકરી-ધંધે લાગ્યા પછી થતી આવકમાંથી સરળ હપ્તા રૂપે Repayment કરવાનું હોય છે. મંડળને આ પ્રકારે પાછી મળતી રકમ ફરીથી આજ ફંડમાંથી આજ પ્રકારે લોન સ્વરૂપે અન્ય વિદ્યાર્થીઓને અપાય છે. આ માટે ભેગી કરવામાં આવતી સખાવતને **Revolving Fund** નામ અપાયું છે. **શ્રી પાટણ જૈન મંડળ**ના સંચાલકોએ શિક્ષણ માટેના સંજોગોને ધ્યાનમાં રાખી બે વર્ષ અગાઉ Revolving Fund એકત્રિત કરવાની શરૂઆત કરી. આ ફંડમાં દાતા પાંચ લાખ કે તેથી વધુ રકમ આપી શકે છે. આપણા સમાજના કેટલાકે વ્યક્તિગત રીતે તેમજ કૌટુંબિક ટ્રસ્ટના નામે આ ભંડોળમાં ફાળો આપ્યો છે. આ ફંડના દાતાના નામો આ યોજના હેઠળ મદદ મેળવવા માટેના ફોર્મ પર છાપવામાં આવે છે તેમજ મંડળની પ્રથા અને ધારાધોરણ મુજબ પ્રતિબિંબમાં પણ તેની જાહેરાત કરવામાં આવે છે અને મેનેજીંગ કમિટીના સભ્ય તરીકેના લાભો દાતાને મળે છે. સંચાલકોએ પાંચ વર્ષમાં પાંચ કરોડ ભેગા કરવાનું ટાર્ગેટ રાખેલ છે. અત્યાર સુધી ૯૫ લાખ ભેગા થયા છે. આ યોજના હેઠળ મદદ માટે સન ૨૦૧૦-૧૧માં રૂા. ૪૫ લાખની અરજીઓ આવી હતી તેમજ સન ૨૦૧૧-૧૨માં રૂા. ૯૫ લાખની અરજીઓ મંડળ પાસે આવી હતી. સિમીત ફંડ ઉપલબ્ધ હોવાથી આમાંની ફક્ત ૨૫% રકમ જ ફાળવી શકાઈ હતી. બાકીની રકમ માટે અરજદારોએ અન્ય સંસ્થાઓ પાસે જવું પડે છે.

આપણો સમાજ આપણા વિદ્યાર્થીઓની જરૂરિયાતો પૂરી કરવા સક્ષમ છે જ, જરૂર છે આ બાબત અંગે જાગૃતિ લાવી દાતાઓને વાસ્તવિકતાથી વાકેફ કરવાની. મંડળના શતાબ્દિ વર્ષમાં આપણે સૌ સંકલ્પ કરી મંડળને શૈક્ષણિક લોનો સંપુર્ણ રીતે આપી શકવામાં સમર્થ બનાવીએ જેથી આપણા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય લેવા અન્ય સંસ્થાઓ પાસે ન જવું પડે. આપણા સમાજના મુરબ્બીઓ આ માટે પ્રતિબદ્ધ થાય તો બધું જ શક્ય છે. યાદ રહે...આ પ્રકારે મદદ મેળવનાર વિદ્યાર્થીઓ ભવિષ્યમાં સંસ્થાના 'દાતા' તો થશે જ, પણ તેમણે પ્રાપ્ત કરેલ 'સરસ્વતી' અને 'લક્ષ્મી'થી સમાજને જરૂર સમૃદ્ધ કરશે.

સ્વયં શિસ્ત સાથે સકારાત્મક સાધના અને આરાધના કરીએ તો વ્યક્તિગત સક્ષમ પ્રક્રિયા દ્વારા વિકાસ સાથે સફળતા સાધી શકીશું. અને ત્યારે જ ભયજનક અવળા સંદેશા આપણામાં પડઘાવાની હિંમત કરી શકે નહીં. ધ્યાન અને મૌન સાથેની હકારાત્મક વિચારસરણી પ્રેમ પ્રદિપ પ્રગટાવશે. નિઃસ્વાર્થ સમર્પણ અને સ્વાર્પણ હૈયાની કૂંજગલીમાં ગુંજારવ કરશે.

સમસ્યાને તમારા માથે સવાર ન થવા દો. રાજીખુશીથી સમસ્યાનો સ્વીકાર કરો અને તેને એક પડકાર તરીકે જુઓ. કુદરત તમારા જીવનમાં કોઈ સમસ્યા ખડી કરે એ પહેલાં એના ઉકેલનું એણે નિર્માણ કરી નાંખ્યું હોય છે.

વર્તમાન કપરા સંજોગોમાં વિદ્યા જ આશ્વાસનનું સ્થાન અને ભવિષ્યનો વિસામો બની રહે છે. સંકટકાલીન સ્થિતિમાં મળેલ હૂંફ ક્યારેય કોઈ વીસરી શકે નહીં. જે વૈશાખી વાયરામાં શીતળતા અને નિરાશાની પાનખરમાં વસંતની સૌરભ લાવે છે.

**❑ સંપાદક સમિતિ**

**સમાજ વિકાસ ફંડમાં વાર્ષિક રકમ આવકાર્ય છે**

| | |
|---|---|
| **મુખ્ય દાતા** | **રૂા. ૩ લાખથી વધુ** |
| **આધારસ્તંભદાતા** | **રૂા. ૩ લાખથી ૧ લાખ** |
| **સહાયકદાતા** | **રૂા. ૧ લાખથી ૨૫ હજાર** |
| **શુભેચ્છકદાતા** | **રૂા. ૨૫ હજારથી ઓછી** |

દાનની સાચી સાધના તો ખેતરમાં અનાજ વાવવા જેવી શુભભાવિ ધરાવતી ક્રિયા છે, જ્યાં એક દાણો અનેક દાણાના વ્યાજ સાથે ઉપયોગી થઈ શકે.

**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગૌરવશાળી શતાબ્દી વર્ષ**

# एक दूजे के लिए

*'લક્ષ્મી પૂણ્યાધીન હૈ, મિલતી પૂણ્ય પસાય*
*પૂણ્ય જબ ક્ષીણ હોતે હી, સ્વયં હી ચલી જાય.'*

પૈસાદાર ગરીબને પોષે છે કે ગરીબ પૈસાદારને સહાય કરે છે એ પ્રશ્ન એવા માણસ ચર્ચે છે કે જેમને ખબર નથી કે જે કોઈ પોતપોતાની સ્થિતીને અનુસરીને પોતાનું કર્તવ્ય બજાવે છે, તે દરેક બીજા માટે સહાયક ને ઉપકારક છે. સર્વે મનુષ્યો એક સુવ્યવસ્થિત વિશ્વના ભાગરૂપ હોવાથી જો માણસ ફક્ત ઈશ્વર પ્રત્યેનું પોતાનું ઋણ પાછું આપવા પ્રયત્ન કરે અને સેવાવૃત્તિથી પોતાના તેમજ પોતાના જાતભાઈઓના સુખમાં વધારો કરે તો તે જગતની સુખ સામગ્રીમાં પોતાનો ઉત્તમ હિસ્સો આપે છે એમ જ ગણી શકાય.

*'મરું પણ માગુ નહિ અપને તનકે કાજ*
*પરમાર્થ કે કારણ માગત ન આવે લાજ'*

આ શતાબ્દિ વર્ષમાં પાટણના જૈન દરેકે દરેક વતનનીની એક જ ઈચ્છા છે કે એક બીજાના માટે સહાયક બધી રીતે બનીએ અને શતાબ્દિ વર્ષનો આનંદ સમૂહમાં ઉજવીએ એવું 'આંતરમન એજ કલ્પવૃક્ષ' મનથી ઈશ્વરને પ્રાર્થના કરીએ.

*'નામ બડા કિસ કામકા જો કીસીકો કામ ન આયે*
*સાગર સે નદિયા ભલી, કિસીકી પ્યાસ બુઝાય.'*

પાટણમાં લગભગ ૫૦૦ થી વધારે લબ્ધપ્રતિષ્ઠિત કરોડપતિઓ ઉપર લક્ષ્મીદેવીની મહેર વર્ષે છે. તેમને મનમાં સતત નજર સમક્ષ એક જ વાત યાદ રાખી કર્તવ્ય કરવાનું છે કે પાટણ સમાજના નબળા આર્થિક વર્ગના સમાજને એવા મધ્યમ આર્થિક સ્થાને ગોઠવી દેવા, બોનસ રૂપી સહાય આપી, યશસ્વી મનસ્વી, તપસ્વી રીતે જીવન ગુજારી શકે તેવો સંકલ્પ કરી શતાબ્દિ વર્ષ ઉજવવું જોઈએ.

*'લક્ષ્મી ચંચળ છે. સંપત્તિ લિઝ ઉપર મળેલી વસ્તુ છે.*
*જ્યારે સદ્‌ગુણ ઓનરશીપથી મળેલી વસ્તુ છે.'*

ધનની ઉત્તમ ગતિ એક જ અને તે દાન કરવાની આદત પાડવાની છે. એક સમાચાર પ્રમાણે પાટણના લગભગ પચ્ચીસ કુટુંબો એવી આર્થિક સતત નાણાં ભીડમાં છે કે તેઓ જે ઘરમાં રહે છે તેનું ભાડું કેટલાય સમયથી પુરૂં ભરી શક્યા નથી . તેઓ આ કાળઝાળ મોંઘવારીમાં બે છેડા ભેગા કરી શકવાની સ્થિતિમાં નથી. આવા સમયે આપણા બધાની એક સામાજીક ફરજ બને છે કે બધાએ પોતાનું યથાશક્તિ યોગદાન આપી એક મોટું ફંડ ઉભું કરી, આ પ્રશ્ન તરત જ ઉકેલવો જોઈએ તો જ શતાબ્દિ વર્ષમાં લબ્ધિ પ્રાપ્ત કરી કહેવાય. સમાજનો નબળો વર્ગ સંપૂર્ણ માનસિક શાંતિ ભોગવી ઘરમાં નિરાંતે કર્જ મુક્ત રહી શકે એવો અભિગમ અપનાવવો જોઈએ. બિમારી કરતા પણ ગરીબી અને લાચારી ભરી જીંદગી જીવવી કઠિન છે.

તમારી સાધન સંપત્તિ આવતા ભવમાં તમારી સાથે રહે તેમ ઈચ્છતા હો તો તેને સદ્‌કાર્યમાં ફેરવી દો. મનુષ્ય અને તે પણ આપણા ગામના જૈનભાઈ પ્રત્યે લાગણી અને પ્રેમનો વ્યવહાર. એજ માનવતા છે. દરેક સદ્‌કૃત્ય એ દાન છે. સૌનો સહકાર અને વિશ્વાસ એ પાટણ જૈન મંડળની મૂડી છે અને આ કાર્ય એટલે અભયદાન-સુપાત્રદાનથી મોક્ષ પ્રવેશ થાય છે. પૂણ્યોપાર્જન થાય છે, શ્રીમંત બનાય છે. સ્વર્ગમાં જવાય છે. ભોગ સામગ્રી પમાય છે. કોઈકે તો બીડું ઝડપી આ કાર્ય પુરૂં કરવું જ રહ્યું.

*'પ્રેમ અને દાન એ તો ત્યાગ કેરૂ નામ છે*
*મુશ્કેલ એ સમજવું ક્યાં બધાનું કામ છે'*
*'હૃદય દીધા વિના કોઈ હૈયું નથી મળતું*
*સમર્પણ વિના, જીવન એનું નથી ફળતું.'*

*`DO ALL THE GOOD, IN EVERY PLACE*
*EVEN AS LONG AS YOU CAN.'*

**❑ શ્રી વર્ધમાન નગીનદાસ શાહ**




CARAT
JEWELLERY
118, Dharam Palace,
B Wing, 1st Floor,
Hughes Road, Mum-7.
Cont. No.:02223610180/81
Tushar: 09820223110
Rupal: 09969525061
Amar: 09004777012
E-Mail-caratjewellery@gmail.com
By Appointments Only.
Advt.


**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગૌરવશાળી શતાબ્દી વર્ષ**

## આકાંક્ષા-અપેક્ષા

કષાયોના અંત વિના સંસારનો અંત નથી, ક્ષમાદિ ભાવો વિના કષાયોનો અંત નથી તેમ આકાંક્ષા-ઈચ્છાઓ વિનાનું જીવન એટલે મોક્ષણી પ્રયાણ. આપણે આકાંક્ષાની ભરતીમાં સંતોષના ગુણને ડૂબાડી દઈએ છીએ. અંધકાર-પ્રકાશ-જીવન મરણ-ઉદય અસત્ એમ આકાંક્ષા-સંતોષ પરસ્પર વિરોધી છે. આકાંક્ષાઓ વધુ પડતી રાખીએ તો પાપાત્મા બની જવાય અને તેના પર કાબુ રાખીએ, સંયમ રાખીએ તો મહાત્મા બનાય. જાતજાતની આશાઓ, અપેક્ષાઓ માણસના મનમાં જન્મે છે અને તેને સંતોષવા માણસ પ્રયત્ન કરે છે પણ અપેક્ષાઓ અનંત છે. એકનો સંતોષ મળે કે બીજી તરત જ મનમંદિરમાં પ્રવેશે. આકાંક્ષાઓ સીમાહીન છે. આકાશ જેટલી વિશાળ છે તેનો કોઈ આરો કે ઓવારો કે કિનારો મળતો નથી. મનુષ્ય મન એટલે વિવિધ આકાંક્ષાઓનું સંગ્રહસ્થાન. લક્ષ્યહીન આકાંક્ષાઓ જીવનની પ્રગતિમાં અવરોધરૂપ બને છે. વિવેક વિના ખાવું તે રોગનું મૂળ છે તેમ વધુ પડતી અપેક્ષાો પણ દુઃખનું કારણ બને છે. માણસ પોતાના વાહનને બ્રેક મારવામાં પાવરધો છે પણ મનને ઈચ્છાઓની બ્રેક મારવામાં પાછો પડે છે. આપણા પૂર્વજો સંતોષને જીવનનું લક્ષ્ય માનતા ત્યારે આજનો માણસ સંચયને જીવનનું ધ્યેય માને છે. મગજ નાનું પણ તેમાં વિચારોની ભીડ ભારે છે. આકાંક્ષાઓનો મહાસાગર માણસના મગજને ખાલી રહેવા દેતો જ નથી. ઈચ્છાઓ પાછળ મન દોડે છે પણ 'રૂક જાવ' કહેવામાં રસ નથી. વધુ પડતી અપેક્ષાઓ એટલે સંસારનું પતન-રાગ-દ્વેષનું મૂળ. અપેક્ષાઓ પૂર્ણ ન થાય તો મન કલુષિત બને છે. એટલે આકાંક્ષા-અપેક્ષાઓ જેટલી ઓછી તેટલું મન સંતોષિત બને છે. જિનવાણી પણ અપેક્ષાઓને સંયમિત રાખવાનું કહે છે.

માનવભવમાં આકાંક્ષા-અપેક્ષાની બાદબાકી કરીએ તો મોક્ષની મંઝીલ જલ્દી મળશે અને ફળશે.

જય જિનેન્દ્ર!

☐ **શ્રીમતી ઉર્મિલાબેન ધીરેનભાઈ ઝવેરી**

## વાદળી વરસી જાય

*એક શબ્દ વપરાય ને અનર્થ સર્જાઈ જાય,*
*અંક જો બદલાય ગણિત ગમ્મત થઈ જાય;*
*ડગ એક લડખડાય ને દિશા ન સમજાય,*
*જીવન સાથી છૂટી જાય ને જીવન ફરી જાય!*

*એવું થાય પુષ્પ પાંગરતા પહેલા ખરી જાય,*
*સ્વપ્ન સૃષ્ટિના સજાવેલા સપનાઓ સરી જાય;*
*બદલાય સમય ને માનવી બદલાઈ જાય,*
*માનવ જન્મતા પહેલા માનવતા મરી જાય!*

*ચાતક અનિમેષ ઝંખે ને વર્ષા ખેંચાઈ જાય,*
*વસંત મહોરે, અનાયાસે કળીઓ ખરી જાય;*
*અફાટ રણમાં કોઈક વાદળી વરસી જાય,*
*સામાન્ય સંજોગોમાં ન મળતાં સામા મળી જાય!*

☐ મ.ને.

## આપણા જીન મંદિરોમાં સી. સી. કેમેરાની આવશ્યકતા

તાજેતરમાં પાલીતાણાના એક દહેરાસરમાં પૂજા કરવા આવેલ દંપતી પૂજા કરવાને બહાને ભગવાનના આભૂષણ ચોરીને લઈ જતા પૂજારીએ પકડ્યા. પાટણમાં દહેરાસરોમાંથી ચોરી થયાના અનેક કિસ્સા પોલીસ ચોપડે નોંધાયા છે તેથી ચોરદંપતીને પાટણ લાવવામાં આવ્યા. શરૂઆતમાં તો પાટણમાં આવા અપકૃત્ય કર્યાનો આરોપીઓ ઈન્કાર કરતા રહ્યા પરંતુ ચોરોને પાટણના ફોફલિયા વાડાની પોળની શેરીના શાંતિનાથજી જૈન દહેરાસરમાં લગાવવામાં આવેલ કેમેરાના CC અંશો બતાવ્યા જેમાં આમાંની જ સ્ત્રી પૂજા કરીને પાછી જઈ રહી હતી તે દેખાયું. ચોરોએ ગુનો કબુલ્યો. ઉપર્યુક્ત દહેરાસરના ટ્રસ્ટીઓએ દીર્ઘદૃષ્ટી વાપરી CC કેમેરા લગાવેલ. પરિણામે ૨૦થી પણ વધુ ચોરીમાં સંડોવાયેલ આ યુગલને સજા થઈ શકશે.

પાટણમાં ૧૨૪ જિન મંદિરો છે. તેમાંથી ફક્ત ૧૦ જિન મંદિરોએ સી. સી. કેમેરા લગાવ્યા છે. જિન મંદિરોમાં થતી ચોરીઓને રોકવા ટ્રસ્ટીઓ આવા કેમેરા વસાવે તે વર્તમાનની વાસ્તવિકતા તેમ જ આવશ્યકતા છે.


## યુનિવર્સલ મેટલ કોર્પોરેશન

**કાંસુ બુદ્ધિ વધારનારું છે. (कांस्यम् बुद्धिवर्धकम् – भालप्रकाश) એ સિવાય પણ કાંસાના ઘણા ગુણો બતાવેલા છે. કાંસુ એટલે શું ? કાંસુ બે ધાતુનું મિશ્રણ છે, આયુર્વેદના રસતરગિણી ગ્રંથમાં જે માપ બતાવ્યું છે એ પ્રમાણે ૭૮ થી ૮૦ % તાંબુ + ૨૨ થી ૨૦ % કલાઈ = કાંસુ. શુધ્ધ કાંસાની પરીક્ષા કેવી રીતે થાય ? તેના રણકાર અને દહીં ને અમુક સમય રાખીને જાણી શકાય. લેબોરેટરી ચેસ્ટ કરીને પણ જાણી શકાય છે.**

**વપરાશ : હાલ શ્રીપાલ નગર જૈન સંઘ, ચંદનબાલા, મુલુંડ, ગિરિવિહાર-પાલિતાણા, ઓગણજ જૈન સંઘ તથા હિરજીભાઈ, ધનજીભાઈ, દુર્ગાપ્રસાદ વિગેરે રસોઈયા વાપરે છે. છ'રી પાલિત સંઘો, નવ્વાણુ યાત્રા, ઉપધાન તપ, લગ્નપ્રસંગો જેવા નાના મોટા ઘણા પ્રસંગોમાં આપેલ છે.**

**સંપર્ક સૂત્ર : વિરલ અમિતભાઈ શાહની પેઢી (વાસુપૂજ્યની ખડકી, પાટણવાળા)**

**અમદાવાદ : ફોન : ૦૭૯-૨૬૬૫ ૧૧૬૬/૧૧૪૪.**

**મુંબઈ–પારસ મેટલ–કાલબાદેવી : ફોન : ૦૨૨-૨૨૪૨૧૫૯૧ ● કૌશલ શાહ, મો. : ૯૮૨૧૫૩૫૧૫૨**

Advt

# પ્રેરણાનો પગરવ

તા. ૩ જી ઑક્ટોબર, ૧૯૯૫.

**સ્નેહી પ્રિય વર્ષા અને સુધીર**

મુ. નેમચંદકાકા (તારા સસરા–શ્રી નેમચંદભાઈ)ની ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે તમો તરફથી **'જીવન સંધ્યાનું સ્વાગત'** નામની પુસ્તિકા મને કીર્તિભાઈ મારફત મને મળી છે. તે આવા રૂડા પ્રસંગને અનુરૂપ ઉજવણી કરી, અને તે અંગેનું તારું વક્તવ્ય પણ વાંચવા મળ્યું તેથી ખૂબ આનંદ થયો છે.

આ આખાય અભિગમ બદલ તમને સૌને અંતઃકરણપૂર્વક અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું. જીવનમાં આ રીતે અવસરોને નિમિત્ત બનાવીને આપણે બધા આપણા સંબંધોને સાચવી શકીએ અને પારસ્પારિક પ્રેમના વાવેતર કરી શકાય.

લાગણીપ્રધાન વ્યક્તિઓ આવા સંબંધો બાંધવાના કારણો ગોતતા જ હોય. એ તારી વાત સાવ સાચી છે. સારા માઠા પ્રસંગોમાં આમ સ્વજનોને શામેલ કરવાથી એક જાતનું ઐક્ય સધાય છે. સંબંધો ફોરે છે.

વર્ષા, નેમચંદ કાકાએ આપણા મંડળની વસાહતના કેટલાય બાળકોને તરતા શીખવ્યું હશે. તેમનો બાળપ્રેમ એક જમાનામાં જાણીતો હતો. તારું વક્તવ્ય વાંચવાથી તારી પણ એક નવી ઓળખાણ પ્રાપ્ત થઈ છે. આપણે બધા એકબીજાને ઓળખવામાં ક્યારેક કેટલા બધા અધૂરા રહી જઈએ છીએ, ને ? આથી અન્ય વ્યક્તિ કોઈ આપણા જીવનમાં પ્રવેશ નથી પામી શકતી. આવા કોઈ પ્રસંગ ન ઉજવીને, બંધિયાર બનીને બેસી રહેવાથી જીવનના માઠા સંજોગ પ્રત્યે પણ યોગ્ય દૃષ્ટિથી જોતા આવડે અને અલ્પ બુદ્ધિવાળા તારા જેઠ સુરેશભાઈ કે અન્ય સૌ સાથે તને યોગ્ય દૃષ્ટિથી જોતા આવડે.

વર્ષા દરેક વ્યક્તિમાં કોઈ ને કોઈ જાતનું દૈવત્વ રહેલું જ હોય છે. એને જોવા માટેની દૃષ્ટિ કેળવવી જોઈએ. જીવનના માઠા સંજોગો પ્રત્યે પણ યોગ્ય દૃષ્ટિથી જોતા આવડ્યું. ઘરડા માતા-પિતા તેમજ અલ્પ બુદ્ધિવાળા સુરેશભાઈમાં પણ તે આડકતરી કૃપાના દર્શન કર્યા એ તારા આગવા તત્ત્વવિચાર માટે અભિનંદન આપ્યા વગર ન રહેવાયું. તેથી આ વણનોતર્યો કાગળ લખવા બેસી ગઈ છું.

નેમચંદ કાકાના અને સુરેશના વ્યક્તિત્વની ઉજળી બાજુની નોંધ લઈને, અને તેનો ઉલ્લેખપૂર્વક અનુગ્રહ કરીને તેં તારી પોતાની ઉજળી ઉન્નત ભાવનાઓ છતી કરી છે. સુરેશને (જેવો છે તેવો) સ્વીકારી લઈને તેં તારા કૌટુંબિક સુખની માત્રાને વધારી દીધી છે, અને તારી સંસ્કારિતાનું અચ્છું નિરુપણ કર્યું છે.

આવા સુંદર આયોજનથી આનંદ ઉપજે તેમાં નવાઈ નથી. **વર્ષા તેં જે પરિવાર-પ્રેમના બીજના વાવેતર કર્યા છે તે જરૂર પાંગરશે જ.** એવી મને ખાતરી વરતાય છે. સુરેશ મંદબુદ્ધિ હશે, પણ તેનો અંતરાત્મા કેવો હેતાળ છે તેની હું એક વખતની સાક્ષી છું. સુરેશને કોણ જાણે કેમ સુરેશને કેટલાય વર્ષો પહેલાથી મારા દીકરા વિજય સાથે એક જાતની માયા બંધાઈ ગઈ છે. આખો દિવસ દરમ્યાન એ થોડી થોડી વારે મારી બારીમાં આવી ને મારા દીકરા વિજયને બૂમ પાડ્યા કરે. થોડી બૂમો પાડે અને વિજુ જવાબ આપે તેની રાહ જુવે અને વિજુ જવાબ આપે કે 'શું છે સુરેશ ? એટલે ચાલ્યો જાય.

કોઈવાર હું કહું કે સુરેશ, વિજય કૉલેજમાંથી આવ્યો નથી તો જતો રહે અને થોડી વાર પછી પાછો આવીને પૂછે કે વિજુ આવી ગયો ? પછી વિજુને બારીમાંથી હસ્તધૂનન કરીને જ પછી ચાલી જાય. ઘણી વાર પાછો મોડી બપોરના પણ પાછો આવીને પૂછે કૉલેજમાંથી વિજુ આવી ગયો ?

આવો મૈત્રી ભાવ તેઓ બંનેમાં ઠીકઠીક સમય સુધી ચાલ્યો હતો. બંનેને માયા બંધાતી જતી હતી પણ ઈશ્વરની ઈચ્છા આગળ માનવીની શક્તિનું શું ગજુ ? એના ગયા પછી પણ કેટલોક વખત સુધી સુરેશ વિજયને શોધતો રહેતો પણ બારી તો હવે અમારી ખુલી અને ખાલી થઈ ગઈ.

વર્ષા તમારા પરિવારના સહુ સભ્યો પ્રત્યે અંતકરણથી શુભેચ્છાઓ વ્યક્ત કરૂં છું. મુ. નેમચંદ કાકા સ્વસ્થ દિર્ઘાયુ ભોગવે, સુરેશની મમતાને અને લાગણીને વ્યક્ત થવા માટે મોકળાશ અને માધ્યમ મળે, અને તને ઉચ્ચ સ્તરના આશીર્વાદ પ્રાપ્ત થાય, તારી લીલી વાડી ખૂબ ફુલે ફાલે અને તારું ઘર કિલ્લોલતું રહે એજ.

**☐ લી. ચન્દ્રાબેનની શુભેચ્છાઓ**



# Shree Patan Jain Mandal

77, Patan Jain Mandal Marg, Marine Drive,
Mumbai-400020. Phone : 22811346

Email: patanmandal@gmail.com    Web: www.patanmandal.org

## Unmarried Boys and Girls

## INFORMATION FORM

( For Publishing in **Yuva Parichay Book**)

**1. Personal Details** **Vasti Patrak Page No :_______**

Full Name : .__________________________________________________

Height :________ Weight:__________Kgs. Birth Date :_________________

Birth Place :____________________ Birth Time : ________________

Current Activity :________________ Grahdosh : Mangal / Shani / No

Education :_______________________________________________________

Email :_________________________ Mobile_____________________

**2. Occupation Details :**

Service /Business /Professonal /Other : ______________________________

Company's Name__________________________________________________

Address : _____________________________________________________

_____________________________________________________

Phones : ____________________________

**3. Family Details :** Mahollo :___________________________

Name: Father : _________________________ Mother :__________________

No. of Brothers : Elder____ Younger____ Married_____ Unmarried______

No. of Sisters : Elder____ Younger____ Married_____ Unmarried______

Resi.Add. : _____________________________________________________

_____________________________________________________

Phone : __________ Mobile : ____________________

**4. Moshal Details :**

Name : ____________________________ Mahollo : __________________

Address : _______________________________________________________

_______________________________________________________

Date : __________ Parent's Signature _________________

**Note : Please send two passport size color photographs with this data form duly filled to above address or our collection centres before 15/7/2012**

## આદર્શ માનવનું નિર્માણ

**(૧) કામના ત્રણ તબક્કા**

દરેક કાર્યને ત્રણ સ્થિતિમાંથી પસાર થવું પડે છેઃ

અવગણના, વિરોધ અને સ્વીકાર.

જે માણસ પોતાની દીર્ઘદૃષ્ટિથી પોતાના વર્તમાન સમય કરતાં આગળ જોઈ શકે છે એ જરૂર ગેરસમજનો ભોગ બને છે.

તે માટે વિરોધ તથા દમન ભલે આવે, આવવા દો. અડગ અને પવિત્ર રહી ઈશ્વર ઉપર અપાર શ્રદ્ધા રાખીશું તો આ બધા અવરોધો ઓગળી જશે.

**(૨) કીર્તિઝંખના અને સાચું કાર્ય ભાગ્યેજ એક સાથે સંભવી શકે**

એવો કોઈ માણસ ન હોઈ શકે કે જે એકબાજુ સમાજને રાજી રાખવા હાજી હા કરતો જાય અને સાથો સાથ મહાન કાર્ય પણ કરતો જાય. અંતરની જે પ્રેરણા થાય તે પ્રમાણે કામ કરવું જોઈએ. જો કામ સાચું અને સારું હશે તો સમાજ એને અપનાવશે. ભલેને આવું કાર્ય કરનાર વ્યક્તિ હયાત ન હોય તો પમ સદીઓ પછી પણ તેના કાર્યોનો લોકો આદર કરશે. જેઓ માનવજાતની સેવા કરવા નીકળ્યાં છે, તેઓએ તો પોતાના અંગત એશ-આરામ, સુખ, દુઃખ, નામ, યશ, કીર્તિ બધી જ આશા-આકાંક્ષા-આ બધાનું પોટલું બાંધી દરિયામાં ફગાવી હળવા ફુલ જેવા થવું જોઈએ. બધા જ મહાત્માઓએ આમ જ કહ્યું છે અને કર્યું છે.

**(૩) સંપૂર્ણ નિઃસ્વાર્થ કામ કરે તેને સંપૂર્ણ સફળતા મળે**

સફળ થયેલા દરેક માણસ પાછળ ક્યાંક પણ અસાધારણ પ્રમાણિકતા અને દિલ દઈને કામ કરવાની અસીમ ક્ષમતા હોય છે. ભલે એ સાવ નિઃસ્વાર્થી ન બન્યો હોય પણ એ દિશામાં અગ્રેસર થયો છે. જો એ સાવ નિઃસ્વાર્થી બની શક્યો હોત તો એની સફળતા બુદ્ધ કે જિસસ ક્રાઈસ્ટની સફળતા જેટલી મહાન હોત. જેટલે અંશે નિઃસ્વાર્થતા હોય તેટલે અંશે સફળતા મળે.

**(૪) દરેક કામને પોતાને મનગમતું બનાવી લો.**

આપણે કામ કરતા રહીએ, જે ફરજ આપણે માથે આવે તે બજાવતા જઈએ. કોઈ કામ નાનું નથી. મોટામાં મોટો મૂર્ખ માનવી પણ પોતાને મનગમતું કામ હોય તો પાર પાડી શકે છે. પણ ખરો બુદ્ધિશાળી માણસ તો એ છે જે દરેક કામને પોતાને મનગમતું બનાવી લે છે. આવા માણસ દરેક કામને ખરેખર સફળ કરી બતાવે છે.

**(૫) મુક્તિ**

કોઈ વસ્તુની ઈચ્છા કરો નહીં. આવે તેને તરછોડો નહીં. જે આવે તેને સ્વીકારી લો. કશાની જ અસર ન થાય તેનું નામ મુક્તિ. સુખદુઃખ તરફ અનાસક્ત રહો. સુખ આવી મળે તો આવવા દો. દુઃખ આવે તો તે પણ ભલે ને આવે.

**(૬) ભૂલો અને નિષ્ફળતાઓ છૂપા દૈવી ભોમિયા છે**

નિષ્ફળતાની ચિંતા કરો નહીં, એ તો સ્વાભાવિક છે. નિષ્ફળતા જીવનની શોભા છે. એના વગર જીવનમાં શું મજા ? જો જીવનમાં સંઘર્ષો ન આવે તો જીવન ફિક્કું લાગે. તેના સિવાય જીવન કાવ્યમય ક્યાંથી થાય ? ભૂલ થાય તો પરવા નહીં. તમારી ભૂલોને વધાવી લો. એ તો તમારા માટે જાણે દૈવી માર્ગદર્શક હતી. દુઃખ પણ વધાવી લો. સંપૂર્ણ રીતે ખરાબ હોય એવું કશું જ ન હોય. ઈશ્વરની જેમજ શયતાનને પણ સ્થાન છે. એમ ન હોય તો અનિષ્ટ ક્યાંથી સંભવે ? એજ રીતે આપણી ભૂલોને પણ સ્થાન છે.

**(૭) દરેક કાર્ય પવિત્ર છે**

દરેક કાર્ય પવિત્ર છે. કર્તવ્યનિષ્ઠા એ ઈશ્વરપૂજનનું શ્રેષ્ઠ સ્વરૂપ છે. જે કાર્ય આપણા હાથમાં છે, એ કાર્ય સરસ રીતે કરવાથી આપણે આપણી જાતને શક્તિશાળી બનાવીએ છીએ. આ રીતે ધીરે ધીરે આપણી શક્તિ વધારતા જઈએ તો એક સમય એવો આવશે કે જ્યારે જીવનમાં અને સમાજમાં જે અતિ મહત્ત્વનું માનદ્ કાર્ય હશે તે કામ કરવાનું સૌભાગ્ય તમને સહજ પ્રાપ્ત થશે.

**□ સ્વામી વિવેકાનંદ**

**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ ● ફોન :(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય:મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન:૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

| | કાયમી ઘાસ ફંડ | કાયમી નિભાવ ફંડ | કાયમી આધાર સ્તંભ ફંડ | કાયમી લાપસી તિથિ ફંડ | કાયમી પક્ષી માટે ચણ ફંડ | કાયમી શેડ ફંડ |
|---|---|---|---|---|---|---|
| સ્વ. નવીનચંદ્ર અંબાલાલ શાહ | — | ૫૧૦૦૦ | — | — | — | — |
| સ્વ. જયાબેન દીપકભાઈ કાલીદાસસ શાહ | — | — | ૨૧૦૦૦ | — | — | — |
| જયકુમાર ભોગીલાલ સાંડેસરા | — | — | ૨૧૦૦૦ | — | — | — |
| કીર્તિલાલ સોમચંદ શાહ | — | — | — | ૩૧૦૦૦ | — | — |
| વાડીલાલ ચુનીલાલ ચેરિટી ટ્રસ્ટ | — | — | — | ૩૧૦૦૦ | — | — |
| અમૃતલાલ મણિલાલ ચેરિટેબલ ટ્રસ્ટ | — | — | — | ૬૫૦૦૦ | — | — |
| તુષાર જે. શાહ | — | — | ૨૦૦૦૦ | — | ૨૧૦૦૦ | — |
| સ્વ નીલિમા નલીનભાઈ શાહ | — | — | ૨૧૦૦૦ | — | — | — |
| ભાવિન જિતેન્દ્ર શાહ | — | — | — | ૩૧૦૦૦ | — | — |
| પદ્માબેન પ્રવીણચંદ્ર શાહ | — | — | ૨૧૦૦૦ | — | — | — |
| વસંત સી. પંડિત | — | — | — | ૩૧૦૦૦ | — | — |
| પ્રવીણાબેન પ્રદીપભાઈ રમણલાલ શાહ | ૧૮૦૦૦૦૦ | — | — | — | — | — |
| શ્રી જયવંતકુમાર નેમચંદ ગુંદરવાલા | — | — | ૨૧૦૦૦ | — | — | — |
| શ્રીમતી ભગવતી સોનાવાલા | — | — | — | — | — | ૧૦૦૦૦૦ |
| શ્રી ભુવન ભાનુ માનસ મંદિર ટ્રસ્ટ | — | — | — | — | — | ૧૦૦૦૦૦ |
| શ્રી નરેશ એન. શાહ | — | — | — | — | — | ૧૨૫૦૦૦ |
| શ્રી ચંદ્રકાંત ચીમનલાલ શાહ | — | ૫૧૦૦૦ | — | — | — | — |
| શ્રીમતી કાંતાબેન બાબુલાલ સાલવી | — | — | — | ૨૧૦૦૦ | — | — |
| | ૧૮૦૦૦૦ | ૧૦૨૦૦૦ | ૧૨૫૦૦૦ | ૧૮૯૦૦૦ | ૨૧૦૦૦ | ૩૨૫૦૦૦ |

સૌજન્ય : નરેશભાઈ નેમચંદ શાહ, મુંબઈ

કુલ રૂપિયા ૨૫૬૨૦૦

**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગૌરવશાળી શતાબ્દી વર્ષ**

# પાટણ જૈન પરિવાર પરિચય ગ્રંથ (વસતિપત્રક)

## અને લગ્નોત્સુક યુવક-યુવતી પરિચય પુસ્તિકા

સુજ્ઞ મહાશય,

વર્તમાન વર્ષ સંસ્થાનું શતાબ્દી વર્ષ હોવાથી નૂતન પરિવાર પરિચય ગ્રંથનું (વસતિપત્રક) પ્રકાશન થાય તે સર્વથા યથાર્થ રહેશે. સમાજ અને સંસ્થા એકમેકના અભિન્ન અંગ છે તેને લક્ષમાં રાખી આ વસતિપત્રક અંગ્રેજીમાં પ્રકાશિત થાય તે આવશ્યક છે. આ વસતીપત્રકનો ઉપયોગ કરવામાં આપણાં યુવાવર્ગને સરળતા થઈ રહે એટલું જ નહિ પ્રોગ્રામીંગની દ્રષ્ટિએ પણ અંગ્રેજી ભાષાનો ઉપયોગ લાભકારક નીવડશે.

પરિચય ફોર્મમાં આ વર્ષે જન્મતારીખ, બ્લડગ્રુપ અને મેડીકલેઈમ પોલીસીની વિગત પણ ઉમેરવામાં આવી છે. સમાજના પરિવારો મેડીકલેઈમ પોલીસીના સુરક્ષા છત્રથી વંચીત ન રહે તેવો સંસ્થાનો આશય છે.જેના માટે આ ડાટા મેળવવો જરૂરી છે. **મેડીકલેઈમની વિગત પરિચય ગ્રંથમાં પ્રકાશિત કરવામાં આવશે નહિ.** બ્લડગ્રુપ અને જન્મતારીખની માહિતિ અન્યોન્યને લાભકારક નિવડે તેથી વિનાસંકોચે આપવા નમ્ર વિનંતી. સમાજના અપરિણિત કે લગ્નોત્સુક યુવક-યુવતીઓની પરિચય પુસ્તિકા પણ કલર ફોટોગ્રાફ સાથે છાપવાનું વિચારેલ છે જેનું ફોર્મ આ સાથે બિડેલ છે. આપ મહાનુભાવોને આપના પરિવારના અપરિણિત સભ્યોની વિગત ભરી તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે. ઓનલાઈન વસતીપત્રકમાં નવા સુધારા વધારા આમેજ કરી શકીશું. સમાજ અને સંસ્થાના ઉત્કર્ષ માટે આ પરિચય ગ્રંથ ઉત્કૃષ્ટ માધ્યમ પુરવાર થશે.

**પરિવાર પરિચય ગ્રંથ તથા યુવક-યુવતી પરિચય પુસ્તિકા**ના ફોર્મ આપ સંસ્થાના કાર્યાલયોમાં અથવા નીચે જણાવેલ કલેકશન સેન્ટર પર તાત્કાલિક મોકલાવી આપશો તો આપણું કામ સુગમ બની રહેશે. આ સાથે સંસ્થાના સરનામાવાળું કવર પણ મોકલાવીએ છીએ જે આપની સુવિધા માટે. આ વસતિપત્રક તથા યુવક-યુવતી પરિચય પુસ્તિકાનું શતાબ્દી વર્ષના કાર્યક્રમમાં ડીસેમ્બર માસ પહેલા પ્રકાશન કરવાની ગણત્રી છે.

સમયની પાબંદીને અનુલક્ષીને આ ભગીરથ કાર્ય માટે કોઈપણ સમિતિનું ગઠન ન કરતાં સંસ્થાના ચાર ઉપપ્રમુખોની દેખરેખ હેઠળ સંસ્થાની બધી જ સમિતિઓના મંત્રીઓ કાર્ય કરશે અને તે માટે શકયતઃ સમિતિના અને વિવિધ મહોલ્લાના કાર્યકરોની મદદ પણ લઈ શકશે. આપ જાણો છો કે, વધુમાં વધુ પરિવારોની માહિતી એકત્ર કરવાનું કાર્ય એટલું સહેલું તો નથી જ માટે આપ સૌનો સાથ અને સહકાર હશે તો તા.૧૫-૦૭-૨૦૧૨ ડાટા એકત્રીત કરવાનું કાર્ય સહેલાઈથી પાર પાડી શકીશું.

**☐ શ્રી પાટણ જૈન મંડળ**

## HELP US TO HELP YOU !

## FORM COLLECTION CENTRES

**Mumbai**
Shree Patan Jain Mandal -
77, Patan Jain Mandal Marg,
Marine Drive, Mumbai-400020
Tel. 22811346 / 22811218

M/s Bombay Tools Supplying Agency
50, Nagdevi cross lane, ground flr.,
Mumbai-400003
Tel.23421326 / 23420877

Janakbhai Arvindkumar Shah
10, Vibhavasu, 2nd floor,
Tejpal road, Vileparle ( E )
Mumbai-400057 Tel.26114121

Shree Patan Jain Mandal
Rupam , 153, Jawahar Nagar,
Goregaon ( W) Mumbai -400062
Tel.28776090

Shree Patan Jain Mandal - Borivali
A23 / 1 Ratan Nagar, Ground Floor,
Deep Narayan Dube Marg, Borivali (E)
Mumbai-400068 Tel. 28911308

Nilesh Kantilal Shah
9/B, Sarvoday Apartment,
Narayan Nagar X Rd , Bhayandar (W )
Dist Thane. 401101. Tel. 28047737

**Ahmedabad**
M/s Mihir Engineers Pvt.Limited
2nd flr, Simandhar, Opp.old highcourt,
Navrangpura, Ahmedabad-380014
Tel. 27542838 / 27542148

**Chennai**
Pareshbhai 9940063402
M/s Machine Tools Traders ( Madras )
Kalyani House, 91, Armenian street,
Chennai -600001. Tel. 25232643

**Kolkotta**
Samir Sureshbhai Shah 9830174099
M/s Bharat Machinery & Spares
10,B R B Basu Road, (Canning street)
Kolkotta-700001. Tel. 22307340/
22309810

**Pune**
Dipakbhai Gunvantlal Shah
502, Indra Puri, 5th Flr,
Palkhi chowk,
1207, Bhavani Peth,
Pune-411002.
Mobile : 9860931604

**Patan**
Shree Patan Jain Mandal -
C/o Shree Pramodkumar Keshavlal
Atithigruh, Pipla ni seri, Patan (N G.)
Tel.220715

**Surat**
Bhadresh Babulal Shah
9825121950
M/s.S B Gems
204, Diamond Trade Centre,
2nd flr., Dalghia Mohallo,
Mahidhar Pura,
Surat -395003

## PATAN Network : 7 areas and 4 zones :

Patan is divided into **7 areas** which can be grouped into **4 zones** as mentioned below:

**Zone 1. Panchasara, Gol Sheri, Zone 2. Khetarvasi, Zone 3. Fofalia Wado, Rajkawado, Zone 4. Gheemto, Madrasa, Tran Darwaja**

Under each zonal head there will be, 6 secretaries incharge of the relevant Maholla in the zone.

Each secretary will select volunteers for different mahollas so that each volunteer will look after 20 to 30 families.

Thus we can involve many members into Mandal's activities and reach to all the 3500 families by the above network.

**Aim :** [1] To follow up for obtaining **Vastipatrak forms** and **Jivan Mahek form**s duly filled

[2] To increase Membership strength

[3] The network will bring Mandal closer to individuals and will be useful for quick response.

**ZONE 1- Zonal Head: Bharat Dalpatbhai -98201 57077**

**GOLE SHERI :**

| | | | |
|---|---|---|---|
| MARFATIYA MEHTA NO PADO | : | PARESHBHAI AMRUTLAL SHAH | 98200 72631 |
| DHANDHER WADO | : | BHADRAKANT PREMCHAND SHAH | 92243 28170 |
| KOKA NO PADO | : | MILAN VIPINCHANDRA SHAH | 93243 70338 |
| KHETARPAL NO PADO | : | PREMILABEN BHADRAKUMAR MANILAL | 96193 25574 |
| PADIGUNDI NO PADO | : | SANJAY KIRTILAL SHAH | 98190 07469 |
| PANCHOTI NO PADO | : | PRAVINBHAI PUNAMCHAND SHAH | 9324576737 |
| VAKHAR NO PADO | : | MAHENDRABHAI BAPULAL SHAH | 09325533888 |
| SALVI VADO | : | NITINBHAI AMBALAL SALVI | (02666) 230583 |

**PANCHASARA :**

| | | | |
|---|---|---|---|
| KHADAKHOTADI NO PADO | : | NILESH KANTILAL SHAH | 93211 50160 |

**ZONE 2 - Zonal Head : Rajendrabhai Jayantilal - 93222 27209**

**KHETARVASI :**

| | | | |
|---|---|---|---|
| KHETARVASI | : | MAHENDRABHAI HIRALAL SHAH | 98693 53954 |
| BRAHMAN VADO | : | RAJIV KESHRICHAND SHAH | 93227 14133 |
| MAHADEV NI SHERI | : | ASHVINBHAI PANALAL SHAH | 93222 29411 |
| SHAMLAJI NI SHERI | : | ASHVINBHAI PANALAL SHAH | 93222 29411 |
| SHANTINATH NI POL | : | SURESHBHAI MOHANLAL SHAH | 9221609971 |
| SHANGHAVI NO PADO | : | | |
| KATAKIYA VADO | : | SANDIPBHAI RAMESHCHANDRA SHAH | 98200 38275 |
| KANASA NO PADO | : | SAILESHBHAI KESHAVLAL SHAH | 98210 23693 |
| LIMBDI NO PADO | : | JYOTINDRA JAYANTILAL DEVDAWALA | 98197 93001 |
| BHABHA NO PADO | : | RAJENDRA JAYANTILAL SHAH | 93222 27209 |
| KHAJURI NO PADO | : | NIKHIL RAVINDRABHAI SHAH | 93222 27643 |

**ZONE 3 - Zonal Head: Mahendrabhai Nemchand - 98218 49991**

**FOFALIA WADO :**

| | | | |
|---|---|---|---|
| POL NI SHERI | : | DINESH SHANTILAL SHAH | 98211 64958 |
| MANMOHANJI NI SHERI | : | ABHAYBHAI JAYANTILAL PATANI | 98192 18321 |
| CHODHARI NI SHERI | : | SHETAL K. SHAH / NAVINBHAI MANIAR | 98198 30094 / |
| VAKHATJI NI SHERI | : | PUNIT SURYAKANT SHAH | 98217 34331 |
| VASUPUJYA NI SHERI | : | SURESHBHAI NEMCHAND SHAH | 98336 27472 |
| SONI VADO | : | YOGESHBHAI BHOGILAL SHAH | 9819032459 |

**RAJKA WADO :**

| | | | |
|---|---|---|---|
| AJITNATH NI POLE | : | TANVEERBHAI MAHASUKHLAL SHAH | 7498123512 |
| ABJI MEHTA NO PADO | : | NALINBHAI POPATLAL SHAH | 98190 53154 |
| KESHUSETH NO PADO | : | JIGNESH ARVIND SHAH | 98215 54990 |
| MALLAT NO PADO | : | PRAVINCHNADRA NAVINCHANDRA | 93243 64672 |
| LAKHIYAR WADO | : | JANAKBHAI ARVINDKUMAR SHAH | 98200 64668 |
| NISHAL NO PADO | : | RAJNIKANT MANILAL SHAH | 9821309921 |
| KASUMBIA VADO | : | RONAK NARENDRABHAI PARIKH | 9969711325 |

**ZONE 4 – Zonal Head: Bharat Sarabhai - 98200 48776**

**GHEEMTO :**

| | | | |
|---|---|---|---|
| MANIYATI PADO | : | KAMLESHBHAI CHAMPAKLAL SHAH | 98200 45595 |
| DANK MEHTA NO PADO | : | AMITBHAI SEVANTILAL SHAH | 98200 48992 |
| KUMBARIA PADO | : | CHANDRAVADAN SARABHAI SHAH | 93231 38405 |
| CHITARA NI KHADKI | : | RAVIBHAI SEVANTILAL SHAH | 98200 42314 |
| TAMBOLI VADO | : | SAILESHBHAI SEVANTILAL SHAH | 93239 67660 |
| KAPUR MEHTA NO PADO | : | PRAKASHBHAI LABHCHAND SHAH | 98201 10167 |
| KHEJDA NO PADO | : | KINJAL HARSHADBHAI SHAH | 9869466336 |
| JHAVERI VADO | : | KAMLESHBHAI JIVANLAL ZAVERI | 9820070981 |
| SHAH NO PADO | : | DEVANGBHAI HASMUKHLAL SHAH | 9820525242 |

**MADARSA - TRAN DARWAJA**

| | | | |
|---|---|---|---|
| GODAD NO PADO | : | | |
| WAGOL NO PADO | : | | |
| MAHALAXMI MATA NO PADO | : | JIMMY TARANG SHAH | 98209 69910 |
| VASA WADO | : | VANRAJBHAI PRATAPCHAND DALAL | 9819546185 |

## IF YOU ARE A WOMAN FEEL PROUD TO BE A ONE! BUT WHY?

એક પુરુષ વગર સ્ત્રી દુનિયાની સર્જનહાર ન બની શકી હોત એમ દુનિયાનો દરેક પુરુષ માને છે અને એટલે જ આપણો સમાજ પુરુષ પ્રધાન છે. પુરુષ તો ફક્ત સ્ત્રીને બીજ આપે છે, પણ સ્ત્રી એ બીજને પોતાના અસ્તિત્વમાં રોપી પોતાના લોહીથી એનું સિંચન કરી, એનું ફળ દિકરી અથવા દિકરાના સ્વરૂપમાં પુરુષને ભેટ આપે છે.

સ્ત્રી માટે એ ફક્ત એનું બાળક હોય છે, પણ પુરુષ માટે એ જાતિ હોય છે. અને એ જાતિ જો એનાથી વિરુદ્ધ હોય તો એ એને આવકાર્ય નથી હોતું (ફક્ત ૫૦% પુરુષો માટે)

આજે જ્યારે સ્ત્રી દરેક ક્ષેત્રમાં આગળ છે ત્યારે કેમ ? આજે પણ બસ હોય કે ટ્રેન દરેક મંજીલ પર સ્ત્રીને અલાયદી જગ્યા ફાળવવામાં આવે છે. કારણ એક જ ! સ્ત્રી આજે પણ સમાજની નજરમાં Strong નથી.

આજે Night Duty માં કામ કરતા પુરુષના લગ્ન થવામાં કોઈ જ Problem નથી આવતો પણ Night Duty માંકામ કરતી સ્ત્રીના લગ્નની વાત આવતા એને કોઈ જોવા પણ તૈયાર નથી થતું. બસ Night Duty નો Biodata એના લગ્ન માટે Full Stop બની જાય છે.

● The Best Lines ever said by a man.

Q. The Best Question never ask by woman to a man.

● When you was born, a woman was there to hold you.

Q. Can you hold her in her old age?

